# સમય સંદેશ

જાહેરાત, પ્રેસનોટ, ટચૂકડી જાહેરાત, મરણ નોંધ તેમજ જન્મદિવસની શુભકામના આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

આકાશ ગંગા એપાર્ટમેન્ટ, ભંગાર બજાર રોડ, જામનગર.

મો.૮૮૬૬૦૬૬૦૬૦

ઉપરાંત..

અમારા માન્ય ડિસ્ટ્રીબ્યુટરનો પણ સંપર્ક કરી શકો છો..

**આશાપુરા ન્યૂઝ એજન્સી**

કે.પી. જાડેજા હવાઈચોક, જામનગર

મો.૯૩૨૮૧૦૪૧૮૨

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું સવારનું દૈનિક અખબાર

વર્ષ: ૮ ● અંક: ૩૪૯ ● તારીખ: ૨૬.૧૦.૨૦૨૩, ગુરૂવાર ● પાના:૪ ● કિંમત રૂા. ૪.૦૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


## આજનો સુવિચાર

કોઈ પણ સમસ્યાનું સમાધાન તેના માર્ગદર્શક ઉપર નિર્ભર છે, દુર્યોધન શકુનિની સલાહ લેતો, જ્યારે અર્જુન ભગવાન શ્રીકૃષ્ણની!



જામનગરમાં સ્વામી ચત્રભૂજદાસજીની ઉપસ્થિતિમાં વિહિપ દ્વારા શસ્ત્રપૂજન

વાંચો પાના નં. 02



જામનગરના પ્રદર્શન મેદાનમાં સિંધી સમાજ દ્વારા રાવણ દહન

વાંચો પાના નં. 03



જામનગરના જાજરમાન મહિલાનું ફેક આઈડી બનાવી બદનામ કરવા અંગે એક ઝડપાયો

વાંચો પાના નં. 04



# વન નેશન, વન ઈલેક્શનને લઈને યોજાઈ મહત્વની બેઠક

દેશમાં 'વન નેશન વન ઈલેક્શન' અંગે બુધવારે પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં કમિટીની બીજી બેઠક યોજાઈ હતી. જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, પૂર્વ સોલિસિટર જનરલ હરીશ સાલ્વે, જમ્મુ-કાશ્મીરના પૂર્વ સીએમ ગુલામ નબી આઝાદ ઉપરાંત કાયદા પંચના અધ્યક્ષ રિતુ રાજ અવસ્થી હાજર રહ્યા હતા.આ દરમિયાન કાયદા પંચ દ્વારા સંપૂર્ણ રોડમેપ રજૂ કરવામાં આવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું કે બેઠકમાં કાયદા પંચે માહિતી આપી છે કે જો દેશમાં વન નેશન, વન ઈલેક્શન લાગુ કરવું હોય તો તેના માટે કાયદા અને બંધારણમાં શું સુધારા કરવા પડશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પંચે સમિતિને કહ્યું કે હાલમાં ૨૦૨૪ની ચૂંટણીમાં વન નેશન વન ઈલેક્શન લાગુ કરવું શક્ય નથી, પરંતુ તેને ૨૦૨૯માં લાગુ કરી શકાય છે. તે પહેલા બંધારણમાં સુધારો કરવો પડશે. આ વખતે સમિતિએ કાયદા પંચના અધ્યક્ષને પણ તેની બીજી બેઠકમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું હતું. સમિતિ એ જાણવા માંગે છે કે દેશમાં એક સાથે ચૂંટણી કેવી રીતે કરાવી શકાય. તેથી, કાયદા પંચને તેના સૂચનો અને મંતવ્યો જાણવા માટે બોલાવવામાં આવ્યા હતા.

શનિવારે કેન્દ્ર સરકાર દ્વારા 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' પર કેવી રીતે કામ કરવું તે નક્કી કરવા માટે ૮ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ સાથે જ કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલને ખાસ

અનુ પાના નં.૨ પર

## મહારાષ્ટ્રના સતારામાં એક મકાનમાં બ્લાસ્ટ, ૬થી ૮ લોકો થયાં ઘાયલ



મહારાષ્ટ્રના સતારાના કરાડમાં એક ઘરમાં બ્લાસ્ટ થયો છે. જેમાં ૬ થી ૮ લોકો ઘાયલ થયા છે. વિસ્ફોટ ખૂબ જ જોરદાર હતો, જેના પછી નજીકના ઘરો અને બહાર પાર્ક કરેલા ઘણા વાહનોને નુકસાન થયું હતું. વિસ્ફોટ કયા કારણોસર થયો તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

# હૃદયરોગના હુમલા વધતાં સરકાર ચિંતિત: તબીબોની કમિટીની રચના


રાજ્યમાં કોરોના બાદ હવે હાર્ટ એટેકના કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. એમાં પણ મોટાભાગના હાર્ટ એટેકના બનાવો યુવાનોમાં જોવા મળી રહ્યાં છે. કોરોના બાદ હાર્ટ એટેકના કેસ વધતા મોટાભાગના લોકોનું એવુ માનવુ છે કે કોરોનાની વેક્સીન લીધા બાદ ગુજરાતમાં હાર્ટ એટેકના કેસ વધ્યાં છે. ત્યારે સમગ્ર મામલે હવે સરકાર પર ચિંતામાં મુકાઈ છે. સરકારના પ્રવક્તા મંત્રી કનુ દેસાઈનું નિવેદન સામે આવ્યું છે.. તેમને કહ્યું કે હાર્ટ એટેક માટે વેક્સિન જવાબદાર નથી. તેવું કહ્યું છે.

કનુ દેસાઈએ કહ્યું કે લોકોની જીવનશૈલી પણ જવાબદાર છે. હાર્ટ એટેકના સતત વધી રહેલા કેસને લઈને સરકાર દ્વારા ૭૫ એટોપ્સી કરવામાં આવી છે. જેથી ચોક્કસ તારણ નીકળી શકે.કનુ દેસાઈએ કહ્યું કે કોરોનાની વેક્સિનના લીધે હાર્ટ એટેક આવતા નથી. આઈસીએમઆર દ્વારા પણ આ બાબતે અગાઉ સ્પષ્ટતા થઈ હતી સતત વધી રહેલા હાર્ટ એટેકના કેસને લઈને સરકાર દ્વારા સતત બેઠક યોજવામાં આવી રહી છે. અને ૭૫ એટોપ્સી કરવામાં આવી છે અને આ એટોપ્સીનો અત્યારે

અનુ પાના નં.૨ પર

### સરકારના પ્રવક્તા મંત્રી કનુ દેસાઇનું નિવેદન: વેક્સિનને કારણે નથી આવી રહ્યાં

## ઉર્વશી સોલંકીએ તરણેતરના મેળાને કહ્યો 'પરણેતરનો મેળો'!



નવરાત્રી ગરબામાં અભિનેત્રી ઉર્વશી સોલંકી દ્વારા વિવિદાસ્પદ નિવેદન મામલે હવે મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, શ્રદ્ધા ભક્તિના પાવન પર્વ નવરાત્રીનું ભાન ન રાખી ઉર્વશી સોલંકીએ ખુલેઆમ યુવાનોને સેટિંગ કરી લેવાની સલાહ આપ્યા બાદ હવે બચાવ કર્યો છે. ઉર્વશી સોલંકીએ કહ્યું કે, હું હિંદુ ધર્મને સાથે લઈને ચાલનારી વ્યક્તિ છુ, મારા શબ્દોને તોડી મરોડીને રજૂ કરાયા છે. આ સાથે ઉર્વશી સોલંકીના નિવેદનની વધુ એક વિવાદ શરૂથયો છે. ઉર્વશી સોલંકીએ કહ્યું કે, તરણેતરનો મેળો એ તરણેતરનો મેળો નહિ પરંતુ પરણેતરનો મેળો છે. ઉર્વશીએ કહ્યું કે ગુજરાતના ગરબા આખા વર્લ્ડમા ફેમસ છે. ગુજરાતમાં કોઇ છોકરીને આઈ લવ યુ કહેવું હોય તો આપણે વેલેન્ટાઇન નહીં પરંતુ નવરાત્રીની રાહ જોતા હોઈએ છીએ. આ પછી ઉર્વશીએ યુવાનોને મોટેથી પૂછ્યું કે ઉર્વશી રાઈટને? આમાંથી કેટલા જણાએ આ ૪ દિવસમાં આવું કર્યું? જોકે ભીડમાંથી તેને જોઈતો જવાબ ન મળ્યો.

અનુ પાના નં.૨ પર

## આરોગ્ય વિમો હશે તો આનંદો...
## એક રૂપિયો આપ્યા વગર દેશની કોઈપણ હોસ્પિટલમાં સારવાર લઇ શકાશે... ફ્રી !

### ટૂંક સમયમાં આવશે નવો નિયમ: દેશના કોઈપણ ખૂણે કોઈપણ હોસ્પિટલમાં કેશલેસ સારવાર

ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI) આરોગ્ય વીમા પોલિસીમાં બે નવી સુવિધાઓ રજૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. તે દેશભરની કોઈપણ આરોગ્ય વીમા અથવા સામાન્ય વીમા કંપની દ્વારા જારી કરવામાં આવતી તમામ આરોગ્ય પોલિસીઓ માટે હોસ્પિટલોનું નેટવર્ક અને ૧૦૦% કેશલેસ સેટલમેન્ટ સિસ્ટમ છે. આ સુવિધાઓ લાગૂ થવાની સાથે પોલિસીધારક દેશના કોઈપણ ભાગમાં સ્થિત હોસ્પિટલમાં ૧૦૦% કેશલેસ સારવારની સુવિધા મેળવી શકશે.

હાલમાં ભારતમાં ૪૯ ટકા હોસ્પિટલોમાં કેશલેસ સેટલમેન્ટની સુવિધા છે. વધારે મોંઘા તબીબી બીલો ટાળવા માટે જનરલ અને હેલ્થ ઈન્સોરન્સ કંપનીઓ લિસ્ટેડ હોસ્પિટલોની સૂચીમાં બદલાવ કરતા રહે છે. તેનાથી બચવા માટે વીમા નિયામક તમારી આરોગ્ય વીમા કલેઈમની સેટલમેન્ટ પ્રક્રિયાને સરળ બનાવવા માટે રાષ્ટ્રીય સ્તરના જનરલ કેશલેસ હોસ્પિટલ નેટવર્કને લાવવા માટે જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સિલ સાથે મળીને કામ કરી રહ્યું છે.

કઈ રીતે કામ કરશે આ નેટવર્ક: જૂનો જનરલ ઈન્શ્યોરન્સના એમડી અને સીઈઓ શનાઈ ઘોષનું કહેવું છે કે, પ્રથમ તબક્કામાં વીમા કંપનીઓમાં હોસ્પિટલોની કોન્સોલિડેટેડ લિસ્ટ બનાવવામાં આવી રહી છે. જીઆઈસી મારફતે એક સેન્ટ્રલાઈઝડ નેટવર્ક બનાવવામાં આવશે જે હોસ્પિટલો અને તમામ લાઈસન્સ પ્રાપ્ત હેલ્થ અને જનરલ વીમા કંપનીઓ સાથે ઈન્ડસ્ટ્રી સ્તરનો કરાર હશે. જીઆઈ કાઉન્સિલના સભ્યો આ કરારનો ભાગ બનશે. શનાઈ ઘોષનું કહેવું છે કે, એક વખત સંપૂર્ણ પણે અમલમાં આવ્યા બાદ દરેક વીમા કંપનીના ગ્રાહકને એક જ સેન્ટ્રલાઈઝડ નેટવર્કની સુવિધા મળી જશે. જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સિલે હોસ્પિટલોની સામાન્ય પેનલની રચના કરવા માટે પહેલેથી જ એક સમિતિની રચના કરી છે.

# ફરીવાર પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી આવશે માદરે વતન

### રૂ. ૪૭૦૦ કરોડના વિકાસકાર્યોનું કરશે ખાતમૂહુર્ત-લોકાર્પણ



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વખત ગુજરાતના મહેમાન બની રહ્યા છે. મહેસાણામાં ૩૦ ઓક્ટોબરે PM મોદીની સભાનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન રૂ.૪૭૭૮ કરોડના વિકાસકાર્યોના ખાતમૂહુર્ત અને લોકાર્પણ થાય તેવું પ્રદેશ મહામંત્રી રજની પટેલે નિવેદન આપી જણાવ્યું હતુ.મહેસાણામાં ૩૦ ઓક્ટોમ્બરના રોજ પીએમની સભા યોજાશે. જેમાં પીએમ મોદી મહેસાણા, પાટણ, બનાસકાંઠાને સંયુક્ત સભાને સંબોધશે કરશે. વડાપ્રધાન મુલાકાતે આવી રહ્યા હોવાથી ભાજપ કાર્યકરો-આગેવાનોમાં આનોખી ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વધુ એક વખત માદરે વતન આવી રહ્યા છે. ૩૦ ઓક્ટોબરનાં રોજ તેઓ ખેરાલુના ડભોડા ખાતે જંગી સભાનં સંબોધન કરશે. ડભોઇ હાલ પ્રવાસન સ્થળ તરીકે વિકસી રહ્યું હોવાથી પ્રધાનમંત્રી મહેસાણા જિલ્લાની મુલાકાત લઈ ૪૭૭૮ કરોડના વિકાસ કામોના શ્રી ગણેશ કરશે. મહેસાણા ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

અનુ પાના નં.૨ પર

## રાજસ્થાનના ભરતપુરમાં આરોપીએ મૃતક પર ૮ વાર ટ્રેક્ટર ચલાવી કચડી નાખ્યો



રાજસ્થાનના ભરતપુર માં જમીન વિવાદમાં એક શખ્સે ૪૫ વર્ષીય આધેડની ટ્રેક્ટરથી કચડી નાખ્યો હતો. જેના કારણે વ્યક્તિનું મૃત્યુ થયું હતું. નિર્દયતાની હદ એટલી હતી કે ટ્રેક્ટર દ્વારા વ્યક્તિને એક નહીં પરંતુ ૮ વખત કચડી નાખવામાં આવ્યો હતો. જોકે, પરિવારના સભ્યોએ ૪૫ વર્ષીય નિરપથ સિંહ ગુર્જરને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ટ્રેક્ટર ચાલકે ક્રૂરતા પૂર્વક તેની હત્યા કરી નાખી. જમીનને લઈને બંને પક્ષો વચ્ચે લડાઈ શરૂથઈ. આ લડાઈમાં ૧૨ લોકો ઘાયલ પણ થયા છે. આ તમામની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

આ મામલો બાયણા પોલીસ સ્ટેશન વિસ્તારના અડ્ડા ગામનો છે. ગામના બે પક્ષકારો બહાદુર સિંહ ગુર્જર

અનુ પાના નં.૨ પર

### જમીનના વિવાદમાં માણસ ભૂલ્યો માણસાઈ: અન્ય ૧૨ લોકો પણ થયાં ઘાયલ

# મધ્યપ્રદેશ બાદ હવે તેલંગાણામાં INDIA ગઠબંધનના ઘટક પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને ટકરાવ

### કોંગ્રેસ પાર્ટી અને ડાબેરીઓના નેતાઓ એકબીજા સાથે ટકરાયા

**સુરસૂરિયું?**

મધ્યપ્રદેશ બાદ હવે તેલંગાણામાં ભારત ગઠબંધન વચ્ચે તિરાડ પડવાની શક્યતાઓ છે. તેલંગાણામાં ડાબેરી પક્ષો ગઠબંધન હેઠળ પોતાના માટે સીટોની માંગ કરી રહ્યા છે, પરંતુ કોંગ્રેસ હા અને ના વચ્ચે ટોસ કર્યા પછી હજુ સુધી અંતિમ નિર્ણય લઈ શકી નથી. મધ્યપ્રદેશમાં સીટોને લઈને કોંગ્રેસ અને સપા વચ્ચેનો વિવાદ ખુલ્લેઆમ બધાની સામે આવી ગયો છે.

અખિલેશ યાદવની નારાજગી બાદ કોંગ્રેસ હાઈકમાન્ડે ડેમેજ કંટ્રોલ કરવું પડ્યું. હવે એ જ દિશામાં તેલંગાણામાં કોંગ્રેસ અને ડાબેરી પક્ષો વચ્ચે બેઠક વહેંચણીનો મુદ્દો અટવાયેલો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તેલંગાણામાં ઈડ્ડઈએ ૫ સીટો અને CPMએ કોંગ્રેસ પાસેથી ૫ એટલે કે ૧૦ સીટો માંગી હતી. તેલંગાણા કોંગ્રેસ સ્થાનિક નેતાઓ અને સર્વેના આધારે સૈદ્ધાંતિક રીતે આ બેઠકો પર ૫-૫ને બદલે ૨-૨ બેઠકો આપવા વિચારણા કરવા સંમત થઈ હતી.



સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને પક્ષો વચ્ચે ૨-૨ બેઠકો પર સમજૂતી થવાની શક્યતાઓ હતી કારણ કે તેલંગાણા કોંગ્રેસ ડાબેરીઓએ માંગેલી ૪ બેઠકો આપવા તૈયાર નથી. એટલે કે

અનુ પાના નં.૨ પર

## ૫ રાજ્યોમાં ચૂંટણી પછી બેઠકોની વહેંચણી પર ધ્યાન આપીશું: ખડગે

ભાજપને કેન્દ્રીય સત્તામાંથી હટાવવા માટે વિપક્ષી પાર્ટીઓએ I.N.D.I.A. ગઠબંધન કર્યું છે. જોકે, જ્યારથી I.N.D.I.A. ગઠબંધન થયું છે ત્યારથી આ ગઠબંધનમાં સામેલ પક્ષોમાં નારાજગીના અહેવાલો છે. સપા પ્રમુખ અખિલેશ યાદવે તાજેતરમાં કોંગ્રેસના વલણ પર નારાજગી વ્યક્ત કરી હતી. હવે આ અંગે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં સ્વામી ચત્રભૂજદાસજીની ઉપસ્થિતિમાં વિહિપ દ્વારા શસ્ત્રપૂજન

જામનગરમાં નવરાત્રી અને વિજયા દશમીના પર્વ દરમ્યાન શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતુ. જામનગરમાં ભોયવાળા વિસ્તારમાં આવેલ અંબિકા ગરબી મંડળમાં નવરાત્રી દરમ્યાન અને વિજયા દશમીના અવસરે પવનચક્કી વિસ્તારમાં આવેલ સૂર્યમુખી હનુમાનજી મંદિર પાસે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, દુર્ગા વાહિની અને માતૃ શક્તિ વિભાગ દ્વારા શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું.






તસવીરઃ જીતુ સોલંકી

આ શસ્ત્ર પૂજનના કાર્યક્રમમાં સ્વામી નારાયણ મંદિર બેડી ગેઇટના કોઠારી પૂ.ચતુર્ભુજ સ્વામીજી, વિશ્વ હિન્દુ પરિષદના પ્રાંત અધ્યક્ષ ભરતભાઈ મોદી, બજરંગ દળના પ્રાંત સંયોજક રવિરાજસિંહ જાડેજા, વિભાગ અધ્યક્ષ ભરતભાઈ ડાંગરીયા, વિભાગ સહમંત્રી ધર્મેશભાઈ ગોંડલીયા, ઉપાધ્યક્ષ રમેશભાઈ તારપરા, ઉપાધ્યક્ષ સુબ્રમણ્યમભાઈ પિલ્લે, મંત્રી હેમંતસિંહ જાડેજા, સહમંત્રી સુરેશભાઈ ગોંડલિયા, જિલ્લા પ્રચાર પ્રસાર સંયોજક કિંજલભાઈ કારસરીયા, વિશેષ સંપર્ક સંયોજક કલ્પેનભાઈ રાજાણી સહિતના અગ્રણીઓ હાજર રહયા હતા. આ ઉપરાંત માતૃ શક્તિ વિભાગના પ્રાંત સહ સંયોજીકા હિનાબેન અગ્રાવત, પ્રફુલ્લાબેન અગ્રાવત, સ્વરૂપબા જાડેજા,ભાવનાબેન ગઢવી, વર્ષાબેન નંદા, રેખાબેન નાનાણી, બજરંગદળ સહ સંયોજક ભૈરવભાઈ ચાંદ્રા, ધ્રુમિલ લંબાટે, જીલ બારાઈ સહિતના અગ્રણી હોદ્દેદારો અને કાર્યકરોએ ઉપસ્થિત રહી અસત્ય પર સત્યના વિજયના વધામણા કરી શસ્ત્ર પૂજન કર્યું હતું.

# ભોગાતના દરિયા કિનારે ખનિજ ખનન ઝડપાતાં ચકચાર

## પોલીસના દરોડામાં વાહનો કરાયા કબજેઃ આરોપી ૯-૨-૧૧!

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અવારનવાર વિવિધ પ્રકારનું ખનિજ ખનન ઝડપાય છે. ત્યારે કલ્યાણપુર પંથકના આવેલા દરિયાકાંઠેથી કોઈ તત્વો દ્વારા વાહનો મારફતે થઈ રહેલી ખનીજ ચોરીને પોલીસે પકડી પાડી હતી. જોકે આરોપીઓ પોલીસને હાથ લાગ્યા ન હતા.

આ સમગ્ર પ્રકરણની પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ કલ્યાણપુર પોલીસ મથકના પી.એસ.આઈ. યુ.બી. અખેડ તથા સ્ટાફ દ્વારા કરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન કોન્સ્ટેબલ નારણભાઈ આંબલીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ભોગાત ગામની સીમમાં આવેલા દરિયાકાંઠા વિસ્તારમાં ખનીજ ચોરી સામે કરવામાં આવેલી કાર્યવાહીમાં પોલીસ સ્ટાફ દ્વારા આ સ્થળેથી કોઈ તત્વો દ્વારા લોડર મશીનની મદદથી દરિયાઈ રેતીનું ખનન કરી અને જી.જે. ૩૭ ટી ૯૯૯૩ નંબરના એક ટ્રક મારફતે દરિયાઈ રેતીનું વહન કરવાની પ્રવૃત્તિ થતી હોવાનું ખુલવા પામ્યું છે.

આ સ્થળે દરોડા દરમિયાન પોલીસે લોડર મશીન તથા ટ્રક કબજે કર્યો હતો. જો કે પોલીસ કાર્યવાહી પૂર્વે આરોપીઓ નાસી છૂટવામાં સફળ થયા હતા. આ સમગ્ર પ્રકરણ અંગે કલ્યાણપુર પોલીસે જરૂરી નોંધ કરી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ સમગ્ર કાર્યવાહી કલ્યાણપુરના પી.એસ.આઈ. યુ.બી. અખેડ, એ.એસ.આઈ. રામશીભાઈ ચાવડા, લખમણભાઈ કારાવદ્રા, વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# નિકાવા પાસે કાર અને બાઈકની ટક્કરમાં યુવકે ગૂમાવ્યા પ્રાણ

## મિત્રને મળવા જતાં કાળ સાંપડ્યોઃ ધ્રાંગડાના પાટિયે રીક્ષાની ઠોકરે વૃદ્ધને ફ્રેકચર

ધ્રોલના લતીપર ગામમાં રહેતા મયુર મગનભાઈ તરપદા (ઉ.વ.૩૫) નામના યુવાને ગઈકાલે કાલાવડ ગ્રામ્ય પોલીસમાં ફોરવ્હીલ વર્ના કાર નં. જીજે૩-એનબી-૯૫૧૫ના ચાલક સામે ફરીયાદ કરી હતી, ફરીયાદીના કાકાનો દિકરો હાર્દિકભાઈ તેમનું સ્પ્લેન્ડર પ્લસ નં. જીજે૩એફએ-૦૬૦૬ લઈને ગઈકાલે ભગત ખીજડીયા ગામે તેમના મિત્રને મળવા માટે જતો હતો.

બપોરના એકાદ વાગ્યાના સુમારે નિકાવાથી આશરે એક કીમી દુર પીપર રોડ પર પહોચતા સામેથી ઉપરોકત નંબરની ફોરવ્હીલ ગાડીના ચાલકે પુરઝડપે, બેદરકારીથી ચલાવી મોટરસાયકલને સાથે ભટકાડી અકસ્માત સર્જાયો હતો., આ અકસ્માતમાં હાર્દિકભાઈ (ઉ.વ.૨૦)ને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજા પહોચાડી મોત નિપજાવ્યુ હતું, બનાવની જાણ થતા પોલીસ ટુકડી તપાસ માટે દોડી ગઈ હતી.

બીજા બનાવમાં જામનગર તાલુકાના ફલ્લા ગામમાં ચામુંડા ચોક ખાતે રહેતા રમેશભાઈ વીરાભાઈ રાઠોડ (ઉ.વ.૫૫) નામના વૃધ્ધ ગત તા. ૧૬ના સીએનજી રીક્ષા નં. જીજે૧૦ટીઝેડ-૦૯૫૧માં બેસીને ધ્રોલથી ફલ્લા પોતાના ઘરે જવા માટે નીકળ્યા હતા.

આ વેળાએ સોયલ ટોલનાકાથી રોડ આગળ ધ્રાંગડા પાટીયા નજીક પહોચતા આરોપીએ પોતાની ફોરવ્હીલ ગાડી નં. જીજે૭ડીડી-૩૬૭૮ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી રીક્ષાને પાછળથી ઠોકર મારી હતી, આ અકસ્માતમાં રીક્ષામાં બેઠેલા રમેશભાઈને ગોઠણની નીચે ફ્રેકચર જેવી ઈજા પહોચી હતી, નાશી છુટેલા ફોરવ્હીલના ચાલક સામે ગઈકાલે ધ્રોલ પોલીસમાં ફરીયાદ કરવામાં આવી છે.

# સૂરજકરાડીમાં મહિલા દ્વારા દારૂનું બાળ શ્રમિક મારફતે વેંચાણ..!!

ઓખા મંડળના સુરજકરાડી ગામે રહેતા મેઘાબેન ધનાભાઈ રોસિયા નામના મહિલાએ આ વિસ્તારમાં રહેતા આશરે ૧૭ વર્ષના એક તરુણ પાસે ગેરકાયદેસર રીતે દેશી દારૂનું વેચાણ કરાવી અને આ દારૂના વેચાણના પૈસા પોતે રાખીને પોતાનો આર્થિક લાભ મેળવતી હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. આમ, ઉપરોક્ત મહિલા દ્વારા બાળ શ્રમિકને દારૂનું વેચાણ કરાવવાની મજૂરીના બદલામાં બે ટંક જમવાનું આપી, અન્ય કોઈ વળતર ના આપીને બાળમજૂરી કરાવી, બાળ શ્રમિકનું શોષણ કરવા અંગેની ફરિયાદ સ્થાનિક ઈન્ચાર્જ પી.આઈ. એમ.ડી. મકવાણા દ્વારા મીઠાપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

# દ્વારકાના ભીમરાણામાં ગરબી જોવા ગયેલા યુવાનને ધોકાવી નાખ્યો

દ્વારકા તાલુકાના ભીમરાણા ગામે રહેતા અનિલ નંઢાભા સુમણીયા નામના યુવાન દ્વારકાના પ્રીતમ વ્યાયામ મંદિરના ગ્રાઉન્ડમાં ગરબી જોવા તથા રમવા ગયો હતો. ત્યારે રાત્રિના દોઢેક વાગ્યાના સમયે મેવાસા ગામના વિશાલ સામૈયાભા માણેકની નામના શખ્સએ ફરિયાદી અનિલને કોણી મારી, આ બાબતે થયેલી બોલાચાલી બાદ વિશાલ માણેક સાથે અન્ય એક આરોપી આનંદ કનૈયાભા સુમણીયા નામના બે શખ્સોએ હુમલો કરી, હાથમાં પહેરેલા કડાથી માર મારતા તેમને ઈજાઓ થવા પામી હતી.

## તંત્રી સ્થાનેથી..

# ડીઝીટલ ઠગો વધી રહ્યાં છે!

ડિજિટલ થતા ભારતમાં જ્યાં જીવનશૈલીમાં બદલાવ અને પ્રગતિની આશા જાગી છે, ત્યાં જ સતત થઈ રહેલા સાઈબર હુમલાથી થનારા નુક્સાને નીતિ–નિયંતાઓની ચિંતા પણ વધારી દીધી છે. જેનાથી નાગરિકોના ખાતાંમાં ખાતર પાડી દર વર્ષે હજારો કરોડ રૂપિયાની લૂંટ ચલાવાય છે. આ પડકારના મુકાબલા માટે ગત દિવસોમાં સાઈબર અપરાધીઓના ઠેકાણાં પર દેશવ્યાપી કાર્યવાહી કરવામાં આવી. ગત દિવસોમાં સીબીઆઈએ એવા ૭૬ ઠેકાણાં પર રેડ કરી. સીબીઆઈએ ઓપરેશન ચક્ર–૨ અંતર્ગત એ સાઈબર અપરાધીઓ વિરુદ્ધ અભિયાન ચલાવ્યું, જે ભારતીય નાગરિકો સાથે અબજો રૂપિયાની ક્રિપ્ટોકરન્સી છેતરપિંડી કરનારી ગેંગ સાથે જોડાયેલ રહ્યા છે. અસલમાં આ કાર્યવાહી નાણાંકીય ગુપ્તચર એકમ એટલે કે એફઆઈયુ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ જાણકારી પર આધારિત હતી. ઉલ્લેખનીય છે કે આ બાબતે માઈક્રોસોફ્ટ અને એમેઝોને ફરિયાદ નોંધાવી હતી. તેમનો આરોપ હતો કે અપરાધી કોલ સેન્ટરો દ્વારા વિદેશી નાગરિકોને આ કંપનીઓના ટેકનિકલ સહયોગી ગણાવીને શિકાર બનાવતા હતા. આ અભિયાન અંતર્ગત પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, કર્ણાટક, પશ્ચિમ બંગાળ અને દિલ્હી વગેરેમાં સાઈબર અપરાધીઓનાં ઠેકાણાં પર છાપામારી કરવામાં આવી. તેનાથી ખબર પડે છે કે દેશની અંદર પણ સાઈબર અપરાધીઓની જાળ કેવી ફેલાયેલી છે. ભારતમાં ઝડપથી વધતા સાઈબર અપરાધ એ વાતનો પણ સંકેત છે કે અપરાધી ટેકનિકલ રૂપે દક્ષતા હાંસલ કરીને આક્રમક રીતે પોતાના અભિયાનને અંજામ આપી રહ્યા છે. આ સાઈબર હુમલા ડિજિટલ અભિયાનની સફળતાને ડાઘ લગાડે છે. સાઈબર અપરાધોના પડકારનો સામનો કરવા માટે સુરક્ષા તંત્રને મજબૂત કરવાની જરૂર છે, સાથે જ નાગરિકોને પણ જાગૃત કરવાની જરૂર છે.

# જામનગરના અપહરણકાંડમાં આરોપી સામે કલમ ૭૦નું વોરંટ

જામનગર પંચકોશી-એ ડીવીઝનના આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬ મુજબનો ગુનો ગત તા.૨૨-૧૧-૨૧ના રોજ જાહેર થયો હતો, જેમાં ફરિયાદીની સગીર વયની પુત્રીને આ કામનો આરોપી સંજય મોહન ભુરીયા (ઉ.વ.૨૨) (રે.વાકોટા ગામ-વાવ ફળીયું, તા.ધાનપુર, જિ.દાહોદ) વાળો કાયદેસરના વાલીપણામાંથી જામનગર તાલુકાના નંદપુર ગામથી અપહરણ કરી ભગાડી ગયો હતો. આરોપીની ઉંડાણ પૂર્વકની તપાસ કરાવતા મળી આવેલ ન હોય અને આરોપી પોતાની ધરપકડ ટાળવાના ઈરાદે નાશતો ફરતો હોય જેથી તે ઈસમનું સીઆરપીસી કલમ ૭૦ મુજબનું વોરંટ જામનગરના ૧૨માં એડી.ચીફ જ્યુડી.મેજી.કોર્ટમાંથી તા.૧૬-૧૦-૨૩ના કઢાવવામાં આવેલ છે અને આ વોરંટની બજવણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઈસમ વિશે કોઈ માહિતી જાણતા હોય તો એએચટીયુના પીઆઈ પી.એલ.વાઘેલા મો.નં.૯૧૦ ૬૦૦૯૯૭૬માં જાણ કરવા તેમજ જાણ કરનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે તેમ યાદીમાં જણાવાયું છે.


## જાહેર નોટિસ

આથી લાગતા-વળગતાઓને જાણ કરવામાં આવે છે કે અસીલની સૂચનાથી જામનગર જિલ્લાના જોડિયા તાલુકા ખાતે આવેલ મોજે ગામ કુનડના રે.સ.ન. ૦૪૯ પૈકી ૩ વાળી ખેતીની જમીન ક્ષેત્રફળ આ.૦-૮૦-૯૪ હે. આરે. ચોમીને વિમલબેન પ્રદ્યુમ્નભાઈ માંકડ વા/ઓ. પ્રણવ બક્ષી પાસેથી ખરીદ કરવા કરાર અમોએ કરેલ છે.

ઉપરોક્ત વેચાણ વ્યવહાર અન્વયેએ સંસ્થા કે બેંકને કોઈપણ જાતનો વાંધો-તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયે સાત દિવસમાં આધાર પુરાવા સાથે લેખિતમાં જાણ કરશો. સમય મર્યાદામાં કોઈ વાંધા કે તકરાર ન મળ્યે કોઈપણનો વાંધો તકરાર નથી તેમ માની તમામ દાવા વેઈવ થઈ જશે અને કોઈપણ દાવો માન્ય રહેશે નહીં અને તેમ માની અમારા અસીલ પોતાના જોગનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈપણ જાતનો વાંધો તકરાર અમારા અસીલના હકકના વિરુદ્ધ માન્ય રહેશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**અભિજીત જયંતકુમાર દવે**
બોન્ડ રાઈટર (સરકાર માન્ય) લા.નં.૦૭/૨૦૧૧
કલેકટર કમ્પાઉન્ડ, લાલ બંગલો, જામનગર. મો.૮૪૬૦૪૫૯૫૨૦


# દેશી દારૂના દરોડા

નાઘેડીના સ્મશાન પાસે રહેતી સોનબેન લુણા નામની મહિલા પોતાના ઝુપડે દેશી દારુની ભઠ્ઠી ચલાવે છે જેના આધારે પોલીસે દરોડો પાડી ૧૧ લીટર દારુ, ભઠ્ઠીના સાધનો જપ્ત કર્યા હતા. બીજા દરોડામાં બાવરીવાસ પાસે રહેતા અજય પરમારના ઝુંપડે પોલીસે દરોડો પાડી ૧૦ લીટર દેશી દારુ, ૨૩૦ લીટર આથો, ચાલુ ભઠ્ઠીના સાધનો સાથે પકડી લીધો હતો.

# મોબાઈલની બઠાંતરી

જામનગરના ન્યુ રેલ્વે સ્ટેશન પાસે રહેતા મુળ પોરબંદરના ગોસા ગામના વતની રવિરાજસિંહ ગુમાનસિંહ જેઠવા (ઉ.વ.૨૭) નામના યુવાનનો ૭ હજારની કિંમતનો મોબાઈલ ફોન ગત તા. ૧૯ના રાત્રીના સમયે કાનાલુસ સીમમાં કંપનીના સી પ્લાન્ટ ખાતે સુતા હતા ત્યારે કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયો હતો. જે અંગે તેમણે ગઈકાલે મેઘપર પોલીસમાં ફરીયાદ કરી હતી.

## અનુસંધાન

### ઢીમ ઢાળી દેવાયું

(પાના નં. ૪ થી આગળ)

સીમમાં અંધશ્રધ્ધાની આડમાં સગી નાની બહેનને મોતને ઘાટ ઉતારવામાં આવી હતી, હત્યાનો આ બનાવ તાજો છે ત્યાં ફરી એકવાર ધ્રોલ પંથકમાં શ્રમિક મહિલાની કરપીણ હત્યાનો બનાવ સામે આવતા ટુંકા ગાળામાં ધ્રોલમાં હત્યાની બે ઘટના ઘટી છે.

### મુકેશ અંબાણી

(પાના નં. ૪ થી આગળ)

ઠાકોરજીને શીશ ઝુકાવ્યું હતું, સાથોસાથ કૃષ્ણના મોટાભાઈ બલદેવજીના દર્શન કર્યા હતા, આ સમયે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના અધિકારીઓ પણ જોડાયા હતા.

દ્વારકાધીશ અને બલદેવજીના દર્શન બાદ શારદામઠ ખાતે આદિ શંકરાચાર્યજીની પ્રતિમાને નમન કર્યું હતું અને શંકરાચાર્યજીના શિષ્ય અને રાણીવાસના પૂજારી આનંદભાઈ ઉપાધ્યાય દ્વારા દ્વારકાધીશને ઉપરણું ઓઢાડી મુકેશ અંબાણી તથા અનંત અંબાણીને સન્માનિત કરવામાં આવ્યા હતા, ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝાએ અંબાણી પરિવાર સાથે વાર્તાલાપ કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

### અપાઈ ધમકી

(પાના નં. ૪ થી આગળ)

૫૦૬ (૨) તથા એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ અમીર સારડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

### એટેકથી મોત

(પાના નં. ૪ થી આગળ)

ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. મૃતકના મોટાભાઈ મહેન્દ્રસિંહ બળવંતસિંહ વાળાએ પોલીસને જાણ કરતાં સિક્કા પોલીસે મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. હૃદય બંધ પડી જવાના કારણે મૃત્યુના બનાવ વધી રહયા છે, ખાસ કરીને નાની વયે હાર્ટએટેક આવવાથી યુવાનો સહિતના ભોગ બની રહયા છે જેના કારણે ચિંતાની લાગણી પ્રસરી છે.

### તસ્કરો

(પાના નં. ૪ થી આગળ)

એક બનાવમાં જામનગરના કૃષ્ણનગર શેરી નં. ૩માં રહેતા બ્રિજેશ મગનભાઈ સાદરીયા નામના વેપારીએ ગઈકાલે પંચ-બીમાં અજાણ્યા ઈસમો સામે ફરીયાદ કરી હતી, ગત તા. ૧૧-૧૦-૨૩ રાત્રીના કોઈપણ સુમારે કનસુમરા ગામમાં આવેલ શ્રી રામ મેટલ ઈન્ડ. તથા બિપીન બ્રાસ ઈન્ડ., ક્રિષ્ના પ્રોડકટસ તથા ખીરા સ્ટીલ નામના કારખાનાઓમાં ચોરી થઈ હતી.

ફરીયાદી તથા સાહેદના કારખાનાઓમાં અજાણ્યા શખ્સોએ દરવાજા, શટર તોડી અંદર ગેરકાયદે પ્રવેશીને ચારેય કારખાનાઓમાંથી કુલ રૂા. ૧૨ હજાર, બે હજારની કિંમતની તિજોરી, ચાંદીની ગણપતીની મુર્તી, ચાંદીના ૪ સિકકા, સોનાની વિંટી મળી કુલ ૩૬ હજારનો મુદામાલ ઉઠાંતરી કરી ગયા હતા. જેની તપાસ પંચ-બી પીએસઆઈ એમ.વી. મોઢવાડીયા ચલાવી રહયા છે. ઉલ્લેખનીય છે કે જે તે વખતે કારખાનાઓમાં તસ્કરો ત્રાટકયા અંગેની વિગતો સામે આવતા સીસી ફુટેજમાં ૩ થી ૪ શખ્સો કેદ થયા હતા, જે ફુટેજના આધારે તપાસ લંબાવવામાં આવી હતી, દરમ્યાન ગઈકાલે વિધિવત ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.

### ટ્રેકટર ચડાવી દઈ

(પાના નં. ૪ થી આગળ)

કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી, હુમલો કરતા તેમના મોટરસાયકલમાં નુકસાની સાથે તેમને ફ્રેક્ચર સહિતની ઈજાઓ થતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે ભાણવડ પોલીસે પોલાભાઈ અરજણભાઈ બેરાની ફરિયાદ પરથી તેમના કુટુંબી કાકા મસરીભાઈ કરણાભાઈ બેરા તેમજ દેવાણંદ અરજણભાઈ બેરા સામે આઈ.પી.સી. કલમ ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૫૦૪, ૫૦૬ (૨), ૪૨૭ તથા ૧૨૦ (બી) અને ૩૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ અહીંના ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ દ્વારા હાથ ધરવામાં આવી છે.

### ૬.૨૧ કરોડનું કૌભાંડ

(પાના નં. ૩ થી આગળ)

૬.૨૧ કરોડની રકમના નાણાકીય હિસાબો ન જાળવી ખોટા હિસાબોને સાચા તરીકે રજૂ કરી બેંક સાથે છેતરપિંડી કર્યા અંગે સચિન કમલેશભાઈ મહેતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે છોડવડી જૂથ સેવા સહકારી મંડળના મંત્રી પ્રમુખ અને જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના પૂર્વ મેનેજર સામે પોલીસ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વન નેશન, વન ઈલેક્શન

(પાના નં. ૧ થી આગળ)

આમંત્રિત તરીકે સામેલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કમિટીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, લોકસભામાં વિપક્ષના નેતા અધીર રંજન ચૌધરી, રાજ્યસભામાં વિપક્ષના પૂર્વ નેતા ગુલામ નબી આઝાદ, નાણાં પંચના પૂર્વ અધ્યક્ષ એનકે સિંહ, લોકસભાના પૂર્વ મહાસચિવ સુભાષ સી. કશ્યપ, ભૂતપૂર્વ સોલિસિટર જનરલ હરીશ સાલ્વે અને ભૂતપૂર્વ સીવીસી સંજય કોઠારીને સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

### હૃદયરોગના હુમલા

(પાના નં. ૧ થી આગળ)

અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. મોટાભાગના કેસમાં યુવાનો અને મિડ એજના લોકોમાં અત્યારે હાર્ટ એટેકના બનાવો જોવા મળી રહ્યાં છે. જો કે છેલ્લા ઘણા સમયથી યુવાનોની લાઈફ સ્ટાઈલમાં પણ ખુબ બદલાવ જોવા મળી રહ્યો છે. જેથી એક કારણ એ પણ જવાબદાર હોઈ શકે છે. આ સાથે જ ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને ઓબેસિટી પણ હાર્ટ એટેક માટે જવાબદાર છે.

અગાઉ રાજ્ય સરકારે ચંતા વ્યક્ત કરી આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સિનિયર અધિકારીઓ સાથે બેઠક યોજી સૂચનાઓ આપી હતી.જેમાં હાર્ટ એટેક મામલે આગામી સમયમાં શું તકેદારી રાખવી સહિતની વિચાણા અંગે રાજ્ય સરકાર દ્વારા બેઠકનું આયોજન કરાયું હતું. જેમાં યુએન મહેતા હોસ્પિટલના ડિરેક્ટર, તથા અમદાવાદ સિવિલ સુપ્રિટેન્ડેટ સહિતના તબીબો પણ હાજર રહ્યા હતા.

### 'પરણેતરનો મેળો'!

(પાના નં. ૧ થી આગળ)

તે બોલી કે ૯ દિવસ તમે ગરબા રમો અને છેલ્લા દિવસે પણ તમે સિંગલ હોવને તો પાક્કું તમે ગરબા જ રમ્યા છો. એવા બોઉ બધા હશે જેનું નવમાં દિવસે સેટિંગ નહીં થાય તે આવતી નવરાત્રીનું રાહ જોતા હશે.

### ફરીવાર પ્રધાન મંત્રી

(પાના નં. ૧ થી આગળ)

બીજી તરફ આગોતરા આયોજનને લઈને જિલ્લા ભાજપ સંગઠનની બેઠક યોજાઈ હતી.જેમાં જિલ્લા ચૂંટાયેલા સદસ્યો સહિત કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. પ્રદેશ મહામંત્રી રજની પટેલ પ્રદેશ ઉપાધ્યક્ષ વર્ષાબેનની અધ્યાક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં મહામંત્રી રજની પટેલે સંપૂર્ણ વિગતો આપી હતી.

### ઘટક પક્ષો વચ્ચે

(પાના નં. ૧ થી આગળ)

તેલંગાણા કોંગ્રેસ ડાબેરીઓને ૪ બેઠકો આપવા તૈયાર છે, પરંતુ ડાબેરીઓ ઈચ્છે છે તે ૪ બેઠકો નહીં. તેના બદલામાં તે ચૂંટણી પછી ખર્ચ્ઈ અને સરકારી બોર્ડ વગેરેમાં સ્થાન આપવાની વાત કરી રહી છે. હવે તેલંગાણામાં કોંગ્રેસ અને ડાબેરીઓ વચ્ચે સંઘર્ષ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આજની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં તેલંગાણા કોંગ્રેસે પાર્ટી હાઈકમાન્ડ સમક્ષ પોતાનું સ્ટેન્ડ રજૂ કર્યું છે. આવી સ્થિતિમાં તેલંગાણામાં ગઠબંધન અંગે અંતિમ નિર્ણય બંને કેમ્પના હાઈકમાન્ડ વચ્ચે થશે.

### ચૂંટણી પછી

(પાના નં. ૧ થી આગળ)

ખડગેની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે કહ્યું કે અમે ૫ રાજ્યોમાં ચૂંટણી પછી I.N.D.I.A. ગઠબંધનમાં બેઠકોની વહેંચણીના મુદ્દા પર ધ્યાન આપીશું.

### ૮ વાર ટ્રેક્ટર

(પાના નં. ૧ થી આગળ)

અને અતર સિંહ ગુર્જર વચ્ચે જમીનને લઈને ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. જેમાં બંને પક્ષોએ બાયણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવી હતી. પોલીસે કાર્યવાહી કરતાં ૨૨ જેટલા લોકોની અટકાયત કરી હતી. પરંતુ બુધવારે બહાદુર સિંહ ગુર્જર પક્ષના લોકો ટ્રેક્ટર સાથે વિવાદિત જમીન ખેડવા ગયા હતા. જ્યારે અન્ય પક્ષના અતર સિંહ ગુર્જરના પરિવારને આ અંગેની માહિતી મળી તો તેઓ વિરોધ કરવા ત્યાં પહોંચ્યા. ખેતરમાં બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જ્યારે ૪૫ વર્ષીય નિરપથ સિંહ ગુર્જર ટ્રેક્ટર રોકીને વિરોધ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે ટ્રેક્ટર ચાલકે તેને કચડી હત્યા કરી નાખી હતી.

# જામનગરના પ્રદર્શન મેદાનમાં સિંધી સમાજ દ્વારા રાવણ દહન

## રાવણ દહનને નિહાળવા મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યાંઃ સાંસદ-ધારાસભ્ય અને મેયર સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ





તસવીરઃ જીતુ સોલંકી

જામનગરમાં સિંધી સમાજ દ્વારા વિજયાદશમી નિમિતે પ્રદર્શન મેદાનમાં રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સાંસદ અને ધારાસભ્ય સહિતના અગ્રણીઓ અને રાજકીય મહાનુભાવો તેમજ સિંધી સમાજના આગેવાનો હાજર રહ્યા હતાં. આ નિમિત્તે ભવ્ય રામ શોભા યાત્રા નાનકપુરીથી નિકળી હતી જે શહેરના રાજમાર્ગો પર ભ્રમણ બાદ પ્રદર્શન મેદાન ખાતે પહોંચી હતી અને અસત્ય પર સત્યનો વિજય થાય છે તેમ રામસેના દ્વારા રાવણદહન થયું હતું.

રામસવારીમાં ૧૦૦ જેટલા વ્યકિતઓ સાથે રામ, લક્ષ્મણ, સીતા, હનુમાનજી અને વાનર સેનાના પાત્રમાં યુવાનો જોડાયા હતાં, આ પાત્રોએ ખાસ કરીને બાળકોમાં સારૂ એવું આકર્ષણ જગાવ્યું હતું. રામસવારીમાં ૧૦ ટ્રેકટર, ૬ ઘોડા, બગી, ડીજે અને જીપ સાથે મજબુત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો અને સાંજે ૭:૩૦ વાગ્યા બાદ રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો હતો.

વિજયાદશમીના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે સાંસદ પૂનમબેન માડમ, મેયર વિનોદભાઇ ખીમસૂર્યા, ધારાસભ્ય દિવ્યેશભાઇ અકબરી, શહેર ભાજપ પ્રમુખ ડો. વિમલ કગથરા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટે. ચેરમેન નિલેશભાઇ કગથરા, શાસક પક્ષના નેતા આશીષ જોશી, દંડક કેતન નાખવા, પૂર્વ શહેરી વિકાસ મંત્રી પરમાણંદભાઇ ખટ્ટર હાજર રહ્યા હતાં. અતિથિ વિશેષ પદે નગરસેવિકા બબીતાબેન લાલવાણી, પૂર્વ ડે. મેયર રેખાબેન શર્મા, નગરસેવિકા લીલાવંતીબેન ભદ્રા હાજરી આપી હતી.

કાર્યક્રમ માટે સિંધી સમાજના પ્રેસીડન્ટ ઘનશ્યામદાસ ગંગવાણી, પૂર્વ પ્રમુખ ઉધ્વદાસ ભુગડોમલ, સેક્રેટરી કિશોરકુમાર સંતાણીએ માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે દશેરા કમિટી ચેરમેન પ્યારેલાલ તેમજ વાઇસ ચેરમેન તથા સિંધી સમાજના યુવા તરવરીયા આગેવાન મનીષભાઇ રોહેરા તેમજ મુકેશભાઇ લાલવાણી, પરસોતમભાઇ કકનાણી, ધનરાજ એમ. મંગવાણી, હરેશ ગનવાણી, હેમત દામાણી, પ્રકાશ હકાણી, મીતેશ ભદ્રા સહિતની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી, મહેમાનોની આગતા-સ્વાગતા આ ટીમ દ્વારા વિશેષ રીતે કરવામાં આવી હતી જેનાથી આમંત્રીત મહેમાનો પણ ખુશ થઇ ગયા હતાં, આ ઉપરાંત રાવણ દહન સ્થળે પણ સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાથી હજારો લોકોની ઉપસ્થિતિ છતાં કોઇપણ પ્રકારની અવ્યવસ્થા સર્જાઇ ન હતી. રામસવારીમાં પણ મનીષભાઇ રોહેરા સહિતના યુવા અગ્રણીઓએ માર્ગદર્શન પુરૂ પાડયું હતું. ઠેર-ઠેર રામસવારીના સન્માન, સ્વાગત કરવામાં આવ્યા હતાં, આખા રૂટ પર સિંધી સમાજના યુવાનોએ ટ્રાફિક વ્યવસ્થા ન ખોરવાય એ રીતે મહેનત કરી હતી અને કયાંય પણ અવ્યવસ્થા થવા દીધી ન હતી. છેલ્લા સાત દાયકાથી સિંધી સમાજ દ્વારા રાવણ દહનનો કાર્યક્રમ યોજાય છે એ જ રીતે આ વખતે પણ સફળતાપૂર્વક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેના માટે સિંધી સમાજ અને એમની યુવા ટીમને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

કાર્યક્રમ માટે ખટ્ટર પરિવાર, ઘનશ્યામદાસ ગંગવાણી, રાજપાલ પરિવાર, રોહેરા પરિવાર, ખૂબચંદાણી પરિવાર, વધવા, હકાણી, કેવલરામાણી, ભુગડોમલ અને મંગવાણી પરિવાર દ્વારા અનુદાન આપવામાં આવેલ હતું, દશેરા કમિટીના સભ્યોમાં કરમચંદ ખટ્ટર, અશોકકુમાર ખુબચંદાણી, મહેશકુમાર ખુવા, અમિત લછાણી, વિનોદકુમાર નેભાણી, ઈશ્વરલાલ ભકતાણી, જયકુમાર સેવકરામ, રાજકુમાર ખીલાણી, રાજકુમાર કેવલરામાણી, કપિલ મેઠવાણી, કાંતિલાલ આશવાણી, કાંતિલાલ રામચંદ, આશિષ કાંજયાણી, પીન્ટુ ભીમનદાસ, રોહિત નારવાણી સહિતની ટીમે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## કાળી ટીલી લાગતાં-લાગતાં રહી ગઈ!



તસવીરઃ જીતુ સોલંકી

જામનગરમાં રાવણ દહન વખતે સંભવતઃ ઉપસ્થિત જનમેદનીની ધક્કામૂક્કીના કારણે સુરક્ષા માટે જે રેલિંગ લગાવવામાં આવી હતી તે રેલિંગ તૂટી ગઈ હતી. રેલિંગ તૂટી જતાં પાબ્લિકનો ધસારો જ્યાં રાવણ દહન થવાનું હતું ત્યાં સુધી પહોંચી ગયો હતો અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જો કે, કોઈ જાનહાનિ ન થતાં તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

# જામનગર જિલ્લાના કાલાવડ બજરંગ દળ દ્વારા શસ્ત્ર પૂજન



જામનગર જિલ્લાના કાલાવડ ખાતે નવરાત્રી મહોત્સવમાં બજરંગ દળ - કાલાવડ પ્રખંડ દ્વારા શસ્ત્ર પૂજન કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું. આ શસ્ત્ર પૂજન કાર્યક્રમ વિશ્વ હિન્દુ પરિષદ કાલાવડ પ્રખંડ સહમંત્રી હિમાંશુ જાની દ્વારા પૂજન અને મંત્રોચ્ચાર સાથે દીપ પ્રાગટ્ય બાદ શસ્ત્ર પૂજન કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. જેમાં ૩૫ થી વધુ બજરંગીઓ દ્વારા શસ્ત્રોનું વિધિવત રીતે પૂજન કરવામાં આવ્યું હતું.

બજરંગ દળ - કાલાવડ પ્રખંડ દ્વારા ક્રિષ્ના નવરાત્રી મહોત્સવમાં યોજવામાં આવેલ આ શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ જામનગર જિલ્લા અધ્યક્ષ લક્ષ્મણભાઈ ફળદુ, વી.એચ.પી. કાલાવડ પ્રખંડ પ્રમુખ રમેશભાઈ દોંગા, બજરંગ દળ કાલાવડ પ્રખંડ સંયોજક અનિલભાઈ ગોહેલ, બજરંગ દળ કાલાવડ પ્રખંડ સહ - સંયોજક સચિનભાઈ આશરા, વિશ્વ હિન્દુ પરિષદ કાલાવડ મંત્રી જેન્તીભાઈ કમાણી, હિન્દ રક્ષક સંઘ નાં રાષ્ટ્રીય સચિવ રીતેશભાઈ પટેલ તેમજ ૩૫ થી વધુ બજરંગી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

બજરંગ દળ કાલાવડ પ્રખંડ દ્વારા એક નવતર પહેલ રૂપે હિન્દુત્વ અને રાષ્ટ્રની રક્ષા માટે ક્રિષ્ના નવરાત્રી મહોત્સવમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા તેમજ વેલ ડ્રેસ વિજેતા ને પુરસ્કાર રૂપે તલવાર ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ વિજેતાને હિન્દ રક્ષક સંઘનાં રાષ્ટ્રીય સચિવ રિતેશભાઈ પટેલ દ્વારા પુરસ્કાર રૂપે તલવાર ભેટ આપવામાં આવી હતી. દ્વિતીય વિજેતાને અનિલભાઈ ગોહેલ દ્વારા, તૃતીય વિજેતા ને સચિનભાઈ આશરા દ્વારા અને વેલ ડ્રેસ નાં વિજેતા ને કૈલાસભાઈ પરમાર દ્વારા તલવાર ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

કાલાવડ ખાતે ક્રિષ્ના નવરાત્રી મહોત્સવમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેવા હેતુથી 'બજરંગ દળ - કાલાવડ પ્રખંડ' ના કાર્યકરો અને 'હિન્દ રક્ષક સંઘ' દ્વારા ખડે પગે સેવા બજાવી રહ્યા હોવાનું એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# દ્વારકા જિલ્લામાં ટીડીઓના સમકક્ષ અધિકારીઓની બદલી-બઢતી

રાજયના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગઈકાલે સમગ્ર રાજયમાં તાલુકા વિકાસ અધિકારી સમકક્ષના ફરજ બજાવતા કુલ ૧૬૯ અધિકારીઓની બદલી તેમજ પંચાયત/ રાજ્ય સેવા વર્ગ - ૩ ના કર્મચારીઓની તાલુકા વિકાસ અધિકારી સંવર્ગમાં બઢતી સાથે બદલીના ૧૯ ઓર્ડરોમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા માટે જુદા જુદા સાત ઓર્ડરો થયા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા એ.આઈ. શેખને વાઘોડિયા (જી. વડોદરા) ના તાલુકા વિકાસ અધિકારી તરીકે, ભાણવડના તાલુકા વિકાસ અધિકારી કે.આર. ચુડાસમાને જસદણ (જી. રાજકોટ) ખાતે, કલ્યાણપુરના ટીડીઓ આર.એલ. ડગરાને કુતિયાણા (જી. પોરબંદર)ના ટીડીઓ તરીકે અને દ્વારકાના ટીડીઓ કે.વી. શેરઠિયાને ખંભાળિયાના ટીડીઓ તરીકે મૂકવામાં આવ્યા છે.

આણંદ જિલ્લા પંચાયતના ચીટનીશ મુકેશભાઈ જે. મકવાણાને દ્વારકાના ટીડીઓ તરીકે, દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતના ચીટનીશ કમ તાલુકા વિકાસ અધિકારી (જ.દ.) એન.એલ. બેડીયાવદરાને ભાણવડના ટીડીઓ તરીકે, અને મદદનીશ પ્રા. યોજના અધિકારી (વહીવટ) ગૌરવ એ. પરમારને કલ્યાણપુર તાલુકા વિકાસ અધિકારી તરીકે મૂકવામાં આવ્યા છે.

## જામનગર અને દ્વારકામાં ટીડીઓની વરણી

રાજ્ય સરકારે ગઈકાલે ૧૬૪ જેટલા ટીડીઓની અરસપરસ બદલી કરી છે, જેમાં જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લાના ટીડીઓનો પણ સમાવેશ થાય છે. દ્વારકાથી નવીનચંદ્ર લાખાભાઈ બેડીયાવદરાને ભાણવડ, આણંદથી મુકેશભાઈ મકવાણાને દ્વારકા, દ્વારકાથી ગૌરવ પરમારને કલ્યાણપુર, દ્વારકાથી કિશોરચંદ્ર શેરઠીયાને ખંભાળીયા, જામનગરના જયદીપ વણપરીયાને જેતપુર, ખંભાળીયાથી આરીસ શેખને વડોદરાના વાઘોડીયા તેમજ ભાણવડના કરશનભાઈ ચુડાસમાને ભાણવડથી જદસણ મુકવામાં આવ્યા છે, આમ સરકારે વહિવટી સરળતા ખાતર કેટલાક ટીડીઓની બદલી કરી નાખી છે.

# જામનગરમાં વસવાટ કરતાં બંગાળીઓ દ્વારા દૂર્ગાપૂજા



તસવીરઃ જીતુ સોલંકી



જેવી રીતે મહારાષ્ટ્રમાં ગણપતી ઉત્સવની ખુબ જ મોટા પાયે શ્રદ્ધાપુર્વક ઉજવણી થતી હોય છે તેવી જ રીતે બંગાળી સમુદાય દ્વારા ઠેર ઠેર પંડાલોમાં માં દુર્ગાનું આસ્થા પુર્વક પુજન, અર્ચન કરવામાં આવે છે, જામનગરમાં પણ બંગાળી સમુદાય દ્વારા દુર્ગાપુજન તેમજ શોભાયાત્રા ધામધુમપુર્વક નીકળી હતી, શહેરના ચાંદીબજારથી શોભાયાત્રા નીકળી હતી જે શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી, જેમાં બહોળી બંગાળી સમુદાયના લોકો જોડાયા હતા.

## બિમારીને પગલે એરફોર્સ રોડ પર રહેતાં આધેડનું મોત

જામનગરના એરફોર્સ રોડ પર રહેતા દિપકભાઈ મકનજીભાઈ થાનકી (ઉ.વ.૫૫) બીમારીના કારણે બેશુદ્ધ થઈને પડ્યા હતા, જેને સારવાર માટે ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું છે. જે મામલે પોલીસ તપાસ ચલાવે છે.

# જામનગરની બહેનોએ શ્રદ્ધાપૂર્વક કરી ગરબાની પધરામણી



તસવીરઃ જીતુ સોલંકી

જામનગરમાં નવરાત્રી પુર્ણ થતા બહેનો દ્વારા ગરબાની પધરામણી કરવામાં આવી હતી, નવ દિવસ સુધી માંની પુજા, અર્ચના, આરાધના કરી વિજયા દશમીના દિવસે ગઇકાલે શહેરના જુદા જુદા મંદિરોમાં ગરબાની પધરામણી કરવામાં આવી હતી, શહેરની બહેનો દ્વારા જય અંબે, જય અંબેના રાસોત્સવ અને ગરબા ગાઈને માતાજીની ભકિત સાથે દશેરાના દિવસે ગરબામાં દિવાની જયોત પ્રગટાવી મગ અને સવા રૂપીયો મુકીને પધરામણી કરવામાં આવી હતી.

# ભેંસાણના છોડવડી સહકારી મંડળીની પ્રમુખ, મંત્રી બેન્ક મેનેજરની ત્રિપુટી દ્વારા ૬.૨૧ કરોડનું કૌભાંડ

ભેસાણની છોડવડી સહકારી મંડળીમાં સભાસદ ખેડૂતોના નામે ખોટા હિસાબો દર્શાવી હિસાબોમાં ચેડા કરી ૬.૨૧ કરોડની રકમની છેતરપિંડી કર્યા અંગે મંત્રી પ્રમુખ અને જિલ્લા સહકારી બેંકના ભેસાણ શાખાના પૂર્વ મેનેજર સામે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ભેસાણમાં આવેલી છોડવડી જૂથ સહકારી મંડળીમાં મંત્રી પ્રમુખ અને જુનાગઢ જિલ્લા સહકારી બેંકના ભેસાણ શાખાના પૂર્વ મેનેજર સામે ૬૫ સભાસદ ખેડૂતોના નામે ધિરાણ દર્શાવી હિસાબોમાં ચેડા કરી ખોટા હિસાબો રજૂ કરી ૬.૨૧ કરોડની રકમની નાણાકીય છેતરપિંડી કર્યા અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગે ભેસાણ પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ છોડવડી જૂથ સેવા સહકારી મંડળીના મંત્રી નરેશભાઈ ગોંડલીયા, પ્રમુખ વિઠ્ઠલભાઈ પાઘડાળ અને જુનાગઢ જિલ્લા સહકારી બેંકના તે સમયના પૂર્વ મેનેજર રમેશભાઈ રામાણીએ એકબીજા સાથે મળી સચિનભાઈ મહેતાની બેંકમાંથી ધિરાણ અન્વયે ૫૩ સભાસદ ખેડૂતોના મળવા પાત્ર ધિરાણ આપી ૫.૯૬ કરોડની રકમ અને અન્ય ૧૩ સભાસદ ખેડૂતોના શાખ પત્રો મંજૂર થયેલ ન હોવા છતાં અપ્રમાણિક ઈરાદથી ૨૩.૮૭ લાખની રકમ મંજૂર કરી ધિરાણમાં દર્શાવી મંત્રી નરેશભાઈ ગોંડલીયા અને પ્રમુખ વિઠ્ઠલભાઈ એ ધિરાણની રકમ ઉપાડી ૩૦ જૂનના રોજ હાથ પરની સિલક ૪.૪૯ કરોડ દર્શાવવી અને ત્યારબાદ ૧૫ જુલાઈના સરવૈયામાં હાથ પરની સિલક ૩.૫૯ કરોડ દર્શાવી હતી. ૧૬ સપ્ટેમ્બરના હિસાબના તારીજામા ૧.૧૦ કરોડની રકમ હાથ પર બતાવી ખોટા હિસાબો તૈયાર કરવામાં આવ્યા અને ખોટા હિસાબોને સાચા તરીકે દર્શાવી બેંક સામે ખોટા દસ્તાવેજો રજૂ કરી ચેડા કરવામાં આવ્યા. જેથી છોડવડી જૂથ સેવા સહકારી મંડળના પ્રમુખ મંત્રી અને જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના પૂર્વ મેનેજર સામે

અનુ પાના નં.૨ પર

## ૬૫ સભાસદ ખેડૂતનાં નામે બારોબાર ધિરાણ લઈને ખોટા હિસાબો કરી કરોડો રૂપિયા ઘરભેગા કર્યા


તસવીરઃ જીતુ સોલંકી



વિશેષ અહેવાલ
પાના નં.૩ ઉપર



# અધર્મ પર ધર્મના વિજયને પ્રતિપાદિત કરતો રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો

જામનગરમાં વિજયા દશમીના પાવન પર્વે પ્રદર્શન ગ્રાઉન્ડમાં રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં બહોળી સંખ્યામાં જામનગરના નાગરિકો અને જામનગરના સાંસદ-મેયર અને ધારાસભ્ય સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. આ સ્થળે ચકકાજામ જેવી સ્થિતિ સર્જાઇ ગઇ હતી. અધર્મ પર ધર્મના વિજયને પ્રતિપાદિત કરતાં રાવણ દહનના આ ભવ્ય કાર્યક્રમમાં એક કાળી ટીલી લાગતાં-લાગતાં રહી ગઈ હતી. બન્યું એવું હતું કે, આ કાર્યક્રમમાં સુરક્ષા અર્થે રેલિંગ લગાવવામાં આવી હતી તે પબ્લિકના પ્રેશરના કારણે તૂટી ગઈ હતી અને એ સમયે અહીં ભયનું વાતાવરણ ઉભું થયું હતું. જો કે, કોઈ જાનહાનિ ન થતાં હાશકારો અનુભવાયો હતો.

# દશેરા નિમિત્તે મુકેશ અંબાણી દ્વારકાધિશજીના ચરણોમાં..

## અનંત અંબાણી સહિતના પરિજનો જોડાયાઃ પૂજારી દ્વારા કરાયું સન્માન



અંબાણી પરિવાર દ્વારકાધીશમાં અતૂટ શ્રધ્ધા ધરાવે છે, વર્ષ દરમ્યાન વાર તહેવારે કાન્હાના દર્શન કરવા અચૂક આવતા હોય, જેના ભાગરૂપે ગઇકાલે દશેરાના પવિત્ર દિવસે દ્વારકાધીશના દર્શન રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણી તથા તેમના પુત્ર અનંત અંબાણી કર્યા હતા.

રિલાયન્સના ચેરમેન આવી રહ્યા છે એવી કોઇ વિગતો અગાઉ જાહેર કરાઇ ન હતી અને જયારે પણ અંબાણી પરિવાર આવે છે ત્યારે આવ્યા પછી જ ખબર પડે છે તેમ ગઇકાલે એકાએક મુકેશ અંબાણી જગત મંદિર ખાતે દર્શન કરવા આવી પહોંચ્યા હતાં.

સામાન્ય રીતે અંબાણી પરિવારમાંથી નિતા અંબાણી અને અનંત અંબાણી દ્વારકા વધુ આવતા હોય છે, પરંતુ ગઇકાલે પરીવારના મોભી દશેરાના દિવસે દર્શન કરવા આવ્યા હતાં, પોલીસ દ્વારા ઝેડ પ્લસ સુરક્ષા અંતર્ગત એમને લોખંડી બંદોબસ્ત પુરો પાડવામાં આવ્યો હતો, પરંપરા મુજબ તેઓ જગત મંદિરમાં પહોંચ્યા હતાં અને પુજારીઓ દ્વારા વિધિવત પુજા કરાવવામાં આવી હતી. અંદાજે એકાદ કલાક સુધી જગતમંદિરમાં રોકાયા બાદ મુકેશ અંબાણી પરત રવાના થયા હતાં. રિલાયન્સના ચેરમેન દર્શન કરવા આવ્યા હોવાની વાત બહાર આવતા ઘણાબધા શ્રેષ્ઠીઓ પણ આવી પહોંચ્યા હતાં.

ગઇકાલે વિજયાદશમીના પવિત્ર તહેવારે મુકેશ અંબાણી તથા અનંત અંબાણીએ જગત મંદિરમાં

અનુ પાના નં.૨ પર

# ધ્રોલ તાબેના વાગુદડની સીમમાં પરપ્રાંતિય મહિલાનું ઢીમ ઢાળી દેવાયું




તસવીરઃ જીતુ સોલંકી

ધ્રોલ તાલુકાના વાગુદડ રોડ પર સીમ વિસ્તારમાં રહેતા મુળ એમપીના હુંગરીબેન વસ્કેલીયા (ઉ.વ.૨૭) નામની મહિલાની તિક્ષણ હથિયારના ઘા ઝીંકીને કરપીણ હત્યા કરવામાં આવી હોવાની વિગતો મળતા ધ્રોલ પીએસઆઇ પનારા, મહાવીરસિંહ સહિતની ટુકડી તપાસ માટે દોડી ગઇ હતી અને પ્રાથમિક વિગતો જાણી હતી.

ઘટના સ્થળે પહોચેલી પોલીસે પ્રાથમિક વિગતો મેળવીને જુદી જુદી ટુકડીઓને કામે લગાડવામાં આવી છે, એમપીથી ખેતમજુરી કામ કરવા પોતાના પતિ સાથે મહિલા અહીંયા આવી હતી, હાલ મૃતકનો પતિ ભેદી રીતે ગાયબ હોવાથી શંકાના દાયરામાં આવ્યો છે અને પોલીસ દ્વારા હત્યા પાછળ કોણ કોણ સંડોવાયેલ છે એ દિશામાં તપાસ લંબાવવામાં આવી છે, જુદા જુદા અંકોડા મેળવવામાં આવી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ધ્રોલના હજામચોરા

અનુ પાના નં.૨ પર

## નિર્દયતા પૂર્વક ગળાના ભાગે તિક્ષ્ણ હથિયારોના પ્રહાર કર્યાઃ પતિ પર શંકાની સોઈ

# દ્વારકાના બરડિયામાં વૃદ્ધને અપમાનીત કરી અપાઈ ધમકી

દ્વારકા તાલુકાના બરડીયા ગામે રહેતા ધનાભાઈ હમીરભાઈ નાંગેશ નામના ૬૬ વર્ષના અનુસૂચિત જાતિના વૃદ્ધ ગૌશાળાનું કામ કરતા હતા. આ કામ ચાલુ કરતા પહેલાં આરોપી મનોજ બબાભા સુમણીયા અને બબાભા પુંજાભા સુમણીયા નામના બે શખ્સોએ આ કામ ચાલુ કરવા પહેલા તેઓની પરવાનગી લીધેલી ન હોવાનું જણાવીને ફરિયાદી ધનાભાઈ નાંગેશને બંને શખ્સોએ બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપીને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરવા સબબની ફરિયાદ દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આઈ.પી.સી. કલમ ૫૦૪,

અનુ પાના નં.૨ પર

# સિક્કામાં ૩૭ વર્ષના યુવાનનું એટેકથી મોત

જામનગર તાલુકાના સિક્કા ગામમાં મારુતીનગર, એસ.કે. ગાંધી કોલોની વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવિંગ કામ કરતા જયવંતસિંહ બળવંતસિંહ વાળા નામના ૩૭ વર્ષના યુવાનને પોતાના ઘેર એકાએક છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. જેથી તેને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, ત્યાં

અનુ પાના નં.૨ પર

# કનસુમરાના ચાર કારખાના અને હરિપરમાં બે મકાનને બેખૌફ રીતે નિશાન બનાવતાં તસ્કરો

## ખેડૂતના મકાનમાંથી ૩ લાખ રોકડા અને ૧૯ તોલા ઘરેણાની ચોરીઃ તસ્કરોની રંજાડથી પ્રજામાં ગભરાટઃ પોલીસ દ્વારા સીસી ફૂટેજની ફંફોળણી

લાલપુર તાલુકાના હરીપર ગામમાં રહેતા, ખેતીકામ કરતા મહેશ મોહનભાઈ ડોબરીયા (ઉ.વ.૪૬) નામના ખેડુતે ગઇકાલે અજાણ્યા ઇસમો સામે ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવી છે, ફરીયાદીના રહેણાંક મકાનના દરવાજાના આગરીયાનો નકુચો તોડી તસ્કરો રૂમમાં ત્રાટકયા હતા, કબાટનો લોક તોડી તિજોરીમાં રાખેલા રોકડા રૂા. ૩ લાખ તથા આશરે ૨૩ વર્ષ પહેલા બનાવેલા સોનાના ઘરેણા ૧૨ તોલા જેની કિં. રૂા. ૭૨ હજાર ચોરી કરી ગયા હતા.

તેમજ ફરીયાદીના ભાઇ નંદલાલભાઇના રહેણાંક મકાનના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી અજાણ્યા શખ્સો કબાટની તિજોરીનો લોક તોડી તેમા રાખેલા ૨૪ વર્ષ પહેલા લીધેલા સોનાના ઘરેણા ૭ તોલા જેની કિ. રૂા. ૪૨ હજાર ચોરી કરી ગયા હતા આમ બંને ભાઇના મકાનમાંથી કુલ ૧૯ તોલા સોનાના જુના ઘરેણા અને રોકડ મળીને કુલ ૪.૧૪ લાખનો મુદામાલ ઉઠાંતરી કરી ગયા હતા.

ફરીયાદના આધારે લાલપુર પીઆઇ એમ.એન. જાડેજા, રાયટર લાખાભાઇ સહિતની ટુકડી સ્થળ પર દોડી ગઇ હતી અને પ્રાથમિક વિગતો જાણીને ફરીયાદ નોંધી ડોગ સ્કવોડની મદદથી તપાસ હાથ ધરવામાં આવી હતી, બંને ભાઇઓ વાડીએ ગયા હતા અને પાછળથી તસ્કરોએ પરોણા કર્યા હતા, ફરીયાદીને પાક ઉપજની માતબર રકમ આવી હતી જે ઘરમાં રાખી હતી, દરમ્યાનમાં ધોળા દિવસે ચોરીનો બનાવ સામે આવતા આ બનાવ પાછળ જાણભેદુ હોવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે. ચોરીના અન્ય

અનુ પાના નં.૨ પર

# જામનગરના જાજરમાન મહિલાનું ફેક આઈડી બનાવી બદનામ કરવા અંગે એક ઝડપાયો

## સોશિયલ મીડિયાનો દૂરુપયોગ કરતો સાયબર ઠગઃ સાઈબર ક્રાઈમની તપાસ મહારાષ્ટ્ર ભણી



જામનગરના એક શિક્ષિત અને મોટી ઉંમરના મહિલા એ સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ પર પોતાની આઇડી બનાવી હતી જે આઈડીમાં મહિલાએ પોતાનું પ્રોફાઈલ પિક્ચર ફોટો રાખ્યો હતો. તે પ્રોફાઈલ પિકચર માંથી આરોપીએ સ્ક્રીનશોટ મારફત ફોટો મેળવી લીધો હતો અને ફરિયાદીના નામમાં અભદ્ર શબ્દનો ઉમેરો કરીને ફરિયાદીની તેમજ તેમના પુત્રોની સમાજમાં બદનામી થાય તે હેતુથી મહિલાના સગા સંબંધીને અને પુત્રના સ્ટાફના સભ્યોને અને મિત્રોને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલીને અશ્લીલ કોમેન્ટો કરી હતી. તેમજ મહિલાને ઓનલાઈન બદનામ કરવાનું કૃત્ય કર્યુ હતું.

આ અંગે મહિલાની ફરિયાદના આધારે જામનગર સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી પોલીસ ટીમ દ્વારા તપાસ શરૂ કરવામા આવી હતી જીલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુની સુચનાથી ડીવાયએસપી જે.એન. ઝાલાના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પીઆઇ દ્વારા વિશેષ ટીમ બનાવવામાં આવી હતી અને સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પો.કો. પુજાબેન ધોળકીયાએ ટેકનીકલ માહિતી મંગાવી, એનાલીસીસ કરી આ બાબતની ખરાઇ કરાઇ હતી.

જે માહિતી પરથી પોલીસ તપાસમાં રહી સાયબર ક્રાઇમના કુલદીપસિંહ જાડેજા, પ્રણવ વશરા, વિકકીભાઇ ઝાલા દ્વારા લોકેશન મેળવવામાં આવ્યુ હતું, આરોપીનું લોકેશન મહારાષ્ટ્રનાં પુણેમાં મળતા સાયબર ક્રાઇમની ટીમ પુણે પહોંચી હતી અને આરોપી રહે. પુણે, મુળ દાહોદના ફતેપુરાના વતની નીપુણ રજનીકાંત પટેલ (૨૨)ને ઝડપી પાડ્યો હતો, આરોપી દ્વારા ફેક આઇડી બનાવી મહિલાના ફોટા મોર્ફ કરી અભદ્ર શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પોલીસ દ્વારા સોશ્યલ મિડીયા પર અજાણી આઇડીની રિકવેસ્ટો સ્વીકારવી નહી, પર્સનલ ફોટા કે વિડીયો અપલોડ કરવા નહીં જેવી સાવધાની રાખવા સુચના આપવામાં આવી છે.

# ભાણવડના માનપર ખાતે ટ્રેક્ટર ચડાવી દઈ યુવકની હત્યાનો પ્રયાસ

ભાણવડ તાલુકાના માનપર ગામના મૂળ રહીશ અને હાલ જામનગરમાં ગોકુલનગર ખાતે રહેતા પોલાભાઈ અરજણભાઈ બેરા નામના ૪૬ વર્ષના યુવાનના કુટુંબીકભાઈ રવિ બેરાએ પ્રેમ લગ્ન કર્યા હોય, જે બાબતનું મનદુઃખ ચાલ્યું આવતું હોવાથી ફરિયાદી પોલાભાઈના કુટુંબી કાકા મસરીભાઈ કરણાભાઈ બેરાએ સમાધાન કરવા માટે તેમને બોલાવેલા હોવાથી આજથી આશરે ચારેક દિવસ પૂર્વે તેઓ એક અર્ટિગા મોટરકારમાં રવિભાઈને બેસાડી અને મસરીભાઈ કરણાભાઈ બેરાના ઘરે ગયા હતા.

અહીં ઉશ્કેરાયેલા આરોપી મસરીભાઈ સાથે બોલાચાલી થયા બાદ તેને અર્ટિગા મોટરકારમાં નુકસાની પહોંચાડી હતી. આ મોટરકારમાં થયેલી નુકસાનીના ખર્ચની રકમ આપવા માટે બંને વચ્ચે રકઝક ચાલતી હતી. જે બાબતનો ખાર રાખી, મશરી બેરા તેમજ તેની સાથે અન્ય એક આરોપી દેવાણંદ અરજણ બેરા નામના બંને શખ્સોએ એકસંપ કરીને પોલાભાઈને મારી નાખવા માટેનું કાવતરું રચ્યું હતું.

ગત તા. ૨૩મીના રોજ બપોરના આશરે સાડા ચાર વાગ્યાના સમયે માનપર ગામથી બોડકી ગામ તરફ જતા રસ્તે આરોપીઓએ પોલાભાઈને નુકસાનીના ખર્ચના પૈસા આપવા માટે બોલાવ્યા. ત્યારે પોલાભાઈ તથા તેમનો ભાણેજ ધવલ જી.જે. ૧૦ ડી.પી. ૪૧૪૫ નંબરના મોટરસાયકલ પર બેસીને માનપર ગામની સીમ વિસ્તારમાં પહોંચ્યા હતા. માર્ગમાં ટ્રેક્ટર લઈને આવેલા બંને આરોપીઓએ પોલાભાઈ પર ટ્રેક્ટર ચડાવી દીધું હતું. આમ બંને શખ્સોએ પોલાભાઈ બેરાને જાનથી મારી નાખવાના ઈરાદે તેમના મોટર સાયકલ સાથે ટ્રેક્ટર અથડાવી અને જીવલેણ હુમલો કરી, બે વખત ટ્રેક્ટર તેમના પર ચડાવી દીધું હતું.

આ હુમલામાં આરોપી શખ્સોએ બિભત્સ ગાળો

અનુ પાના નં.૨ પર

## સમાધાન માટે બોલાવ્યા બાદ બન્યો બનાવઃ કૌટુંબિક શખસો સામે રાવ

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com